તારીખઃ- ૧૬/૦૧/૨૦૧૬

**અખિલ ગુજરાત નેત્રહિન કમ્પ્યુટર કૌશલ્ય સ્પર્ધા ૨૦૧૬**

પરિપત્ર

એસ.એ.બી. ગાંધીનગર અને કડી સર્વ વિશ્વવિદ્યાલય ગાંધીનગરના સયુક્ત ઉપક્રમે યોજાનાર અખિલ ગુજરાત નેત્રહિન કમ્પ્યુટર કૌશલ્ય સ્પર્ધા ૨૦૧૬

૨૧ મી સદી કમ્પ્યુટર ટેકનોલોજી અને ઇન્ટરનેટની સદી તરીકે ઓળખાય છે. જીવનના તમામ ક્ષેત્રમાં આ ટેકનોલોજીનો પ્રભાવ વિશેષ જણાય છે. નેત્રહિન વ્યક્તિ માટે પણ આ ક્ષેત્રમા અપાર વ્યવસાયિક તકો રહેલી હોવાથી તેમના માટે પણ આજે કમ્પ્યુટર શિક્ષણની અનેક સુવિધાઓ પ્રાપ્ય બની છે. નેત્રહિનાના આ મંડળને પણ આ ક્ષેત્રમા કઇક વિશેષ કાર્ય કરવાના વિચાર આવ્યો હોવાથી દ્રષ્ટિહિન વ્યકિતઓ માટે ની પ્રથમ અખિલ ગુજરાત નેત્રહિન કમ્પ્યુટર કૌશલ્ય સ્પર્ધા ૨૦૧૬ આગામી ફેબ્રુઆરી માસની તારીખઃ- ૨૮/૦૨/૨૦૧૬ ના રોજ યોજવાન નક્કી કરેલ છે. આ અંગેન સુચના પત્ર અને નિયમાવલી આ સાથે સામલ છે.

**સ્પર્ધાના સામાન્ય નિયમો**

૧) આ સ્પર્ધા M. S. Office-2007 & Windows-2007 પર આધારિત રહેશે.

૨) આ સ્પર્ધા Screen Reader Software N.V. D. A. ના આધારે યોજાશે.

૩) આ સ્પર્ધા ત્રણ જુથમાં યોજાશે.

| | |
|---|---|
| જુથ અ | ધોરણ ૫ થી ૮ માં અભ્યાસ કરતા સ્પર્ધકો |
| જુથ બ | ધોરણ ૯ થી ૧૨ માં અભ્યાસ કરતા સ્પર્ધકો |
| જુથ ક | 30 વર્ષની વય મર્યાદા ધરાવતા ઉચ્ચ શિક્ષણ લેતા માન્ય સંસ્થાના સ્પર્ધકો (ઓપન વિભાગ) |

૪) આ સ્પર્ધાના ત્રણય જુથ માં પ્રથમ, દ્વિતિય અને તૃતીય એમ ત્રણ-ત્રણ પારિતોષિક રહેશે.

૫) દરેક સ્પર્ધકે આ સ્પર્ધામાં પોતાની સાથે પોતાના હેડફોન રાખવાનો રહેશે.

**સ્પર્ધાની નિયમાવલી**

૧) જુથ અ – ધોરણ ૫ થી ૮ એમ.એસ. ઓફિસ માં ટાઇપિંગ,પ્રાયોગિક અને થિયરી ને લગતા બહુ હેતુક એમ.સી.ક્યુ. પ્રશ્નાવલિ, સમય ૧ કલાક

૨) જુથ બ – ધોરણ ૯ થી ૧૨ એમ.એસ.ઓફિસ માં એડીટિંગ અને ફોરમેટિંગ, પાવરપોઇન્ટ અને એકસેલને લગતી બાબતો, પ્રાયોગિક અને થિયરી લગતા બહુ હેતુક એમ.સી.ક્યુ. પ્રશ્નાવલી, સમય ૧ કલાક

૩) જુથ ક – ઓપન ગ્રૃપ- ઇન્ટરનેટ અને ઇ-મેઇલ ને સ્પર્શતી બાબતો- ગુજરાતી ફકરા નુ ટાઇપિંગ , આ સિવાય આયોજન સમિતિ પુછવા ઇચ્છે તે બહુ હેતુક એમ.સી.ક્યુ. પ્રશ્નાવલી, સમય ૧ કલાક

૪) નિર્ણાયકોનો નિર્ણય અંતિમ તેમજ બંધનકતા રહેશે.

**નિવાસ અને ભોજનને લગતી સુચનાઓ**

૧) સ્પર્ધા માટે નિવાસ અને ભોજનની વ્યવસ્થા ગાંધીનગર અંધશાળા સેકટર નં.૧૬ માં કરેલ છે.

૨) દરેક સંસ્થા દરેક જુથમાં બે-બે સ્પર્ધક લાવી શકશે.

૩) દરેક સંસ્થા તેમની ટીમ સાથે એક સહાયક રાખી શકશે. અપવાદ રૂપ કિસ્સામાં બે સહાયક મંજૂર કરાશે.

૪) ખુલ્લા વિભાગમાં સ્પર્ધકોને સહાયક લાવવાની ના છે. છતાં જો લાવવાના થાય તો રૂપિયા ૧૦૦.૦૦ ભરવાના રહેશે (સહાયક પેટે)

૫) દરેક ટીમ ને તારીખઃ-૨૭/૦૨/૨૦૧૬ શનિવાર સાંજથી તારીખ ૨૮/૦૨/૨૦૧૬ રવિવાર બપોરના ૪:૦૦ વાગ્યા સુધી રહેવા તથા જમવાની સગવડ પુરી પાડવામાં આવશે.

૬) દરેક સંસ્થાએ પોતાની એન્ટ્રી અથવા વ્યક્તિગત સ્પર્ધકોની તેમની એન્ટ્રીઓ મોડામાં મોડી તારીખઃ-૧૪/૦૨/૨૦૧૬ સુધીમાં મોકલી આપવાની રહેશે. ત્યારબાદની એન્ટ્રી અમાન્ય ગણાશે.

૭) આ પરિપત્ર સાથે મોકલેલ ગુજરાતી એન્ટ્રી ફોર્મ ભરીને ઉપરોક્ત સરનામે મોકલી આપવા વધુ એન્ટ્રી ફોર્મની આવશ્યકતા થાય તો ઝેરોક્ષ નકલ માં ભરવા.

૮) સ્પર્ધાના સ્થળે પહોચવા માટે ઘ-રોડ અથવા સેકટરની બસમાં બેસવુ ઘ-૪‖ અથવા ઘ-૫ ઉતરી ને સેકટર નં.૧૬ ની અંધશાળામાં પહોચવું

૯) અન્ય કોઇ પુછપરછ માટે અંધશાળા ગાંધીનગરના મંત્રાશ્રીનો સંપર્ક સાધવો સંપર્ક નં.

લેન્ડ લાઇનઃ- ૦૭૯ - ૨૩૨૩૮૬૧૧, માબાઇલ નં.:- ૯૮૨૪૦૩૦૨૯૦

**તારીખઃ-** ૨૮/૦૨/૨૦૧૬,

**સ્પર્ધા નો સમયઃ-** બપોરે ૧૨:૦૦ કલાકે

**સ્થળઃ-** કડી સર્વવિશ્વવિદ્યાલય,
સેકટર નં.૨૩, ઘ-૬ નજીક,
ગાંધીનગર.પીન-૩૮૨૦૨૩.

(રહેમાનભાઇ એમ. અંસારી)
માનદ મંત્રા